પ્ર૦ ચુ૦ વૈદ્ય

# સુવર્ણ જયંતીએ એક સંસ્મરણ

હું શાળામાં ભણતો હતો ત્યારે ભારતને આઝાદી મળી નહોતી. ૧૯૩૦નો એ ગાળો. અંગ્રેજી હકૂમત સામે સત્યાગ્રહની લડત ચાલતી હતી. નાનાં મોટાં બધાં આ લડતને રંગે રંગાયેલાં હતાં. નાનાં બાળકોની સેના તે વાનરસેના કહેવાતી. આ વાનરસેનામાં અમે બધા વહેલી સવારે પ્રભાતફેરી કાઢી દેશભક્તિનાં ગીતો ગાતાં ગલીએ ગલીએ ઘૂમીએ. આ ગીતોમાંના એક ગીતના બોલ હજી યાદ છે : ''તેત્રીસ કરોડ મુખથી બોલે અમારો દેશ''. તે વખતે ભારતની વસતી તેત્રીસ કરોડ હતી. વળી, તે વખતનું ભારત એટલે અત્યારનું ભારત વત્તા અત્યારનું પાકિસ્તાન વત્તા અત્યારનું બાંગ્લાદેશ. આ બધા પ્રદેશની કુલ વસ્તી ત્યારે તેત્રીસ કરોડ હતી. આજે એકલા ભારતની વસ્તી ૯૦ કરોડ ! પ્રદેશ એવડો ને એવડો, ખેતીની જમીન તેટલી ને તેટલી, વર્ષનો વરસાદ સરેરાશ તેટલો ને તેટલો, પણ ખાવાવાળા તેત્રીસ કરોડને બદલે ૯૦ કરોડ ! આઝાદીનાં પચાસ વર્ષે આપણી મોટી સમસ્યા આ ધરખમ વસ્તી-વધારો છે.

આઝાદીની લડતની લોકોના માનસ ઉપર કેટલી બધી અસર થઈ હતી તેની એક વાત યાદ આવે છે. આજે તો આપણે બધા સ્વતંત્ર દેશના નાગરિકો તરીકે કેટલાક અધિકારો ભોગવીએ છીએ અને આઝાદ દેશના માનવી તરીકે ખુમારી પણ ધરાવીએ છીએ. પણ હું શાળામાં ભણતો હતો ત્યારે દેશ આઝાદ ન હતો એટલે આવી ખુમારી જોવા મળતી નહિ. અમારા એક જાણીતા વડીલ સરકારી નોકરીમાં મોટા ઓફિસર હતા. સરકારી નોકરીમાં અંગ્રેજ હકૂમતની અસર એટલી બધી હતી કે ઓફિસમાં તો નેક ટાઈ પહેરીને જ જવું જોઈએ. હવે, અમારા આ વડીલ આમ તો ચુસ્ત બ્રાહ્મણ એટલે ધોતિયું પહેરે. પણ પેન્ટની અંદર જેમ ખમીસ ખોસીએ છીએ તેમ ધોતિયાની અંદર ખમીસ ઈનસર્ટ કરે, પછી ગળે નેકટાઈ બાંધે, ઉપર હાફકોટ પહેરે અને માથે ફેંટો. આખો પોષાક અંગ્રેજી, ફક્ત નીચે પેન્ટને બદલે ધોતીયું અને ઉપર હેટને બદલે ફેંટો ! પણ ૧૯૩૦માં ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કરવા અમદાવાદથી દાંડી સુધી પગપાળા કૂચ કરી. આ સત્યાગ્રહનો જુવાળ ગુજરાતને ઘેર ઘેર ફરી વળ્યો. તેની લોકમાનસ પર એટલી બધી અસર થઈ કે એ જ અમારા વડીલે નેકટાઈ કાઢી નાખી, હાફકોટને બદલે લોંગકોટ શરૂ કર્યો અને ઓફિસમાં કામ કરતી વખતે માથેથી ફેંટો ઉતારી કાળી ટોપી પહેરતા હતા તેને બદલે હવે ખાદીની ગાંધી ટોપી પહેરવા લાગ્યા ! લોકોએ આપમેળે ગુલામીનાં હાસ્યાસ્પદ પ્રતીકો દૂર કર્યાં. અંગ્રેજ અમલદારો પણ સમજી ગયા અને લોકમાનસનો આ ફેરફાર તેમણે મને-કમને પણ સ્વીકારી લીધો.

૧૯૪૦માં હું એમ.એસ.સી. પાસ થયો, ત્યારે બીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ ચૂક્યું હતું. મારું એમ.એસ.સી.નું પરિણામ બહાર પડે તે પહેલાં જ મને રાજકોટની કૉલેજમાં લેક્ચરરની નોકરી મળી ગઈ અને મારી શિક્ષક તરીકેની કારકિર્દીની શરૂઆત થઈ. કૉલેજમાં પ્રોફેસર થયા એટલે સમાજમાં ઉચ્ચ સ્થાન પામ્યા, તેવો ખ્યાલ ત્યારે પ્રવર્તતો હતો. મને આવી પ્રોફેસરની નોકરી મળી તેથી બધે જ ખુશી ખુશીનું વાતાવરણ હતું. પરંતુ ૧૯૪૦થી ૧૯૪૨ના ગાળામાં પરિસ્થિતિએ જબરજસ્ત વળાંક લીધો. આ બે વર્ષ દરમિયાન થયેલા કેટલાક ચઢાવ-ઉતારની વાત કરું.

મારું જીવન-ઘડતર જ કાંઈક એવી રીતે થયું છે કે આઝાદી પહેલાંનાં દેશી રજવાડાંમાં નોકરી કરવાનું મને ફાવ્યું જ નહિ. તે દિવસોમાં ગાંધીજી વ્યક્તિગત સત્યાગ્રહની લડત ચલાવતા હતા. ભારતના લોકોને પૂછ્યા ગાછ્યા વગર લંડનમાં બેઠેલી સરકારે ભારતને વિશ્વ-યુદ્ધમાં પક્ષકાર તરીકે જોતરી દીધું,તે સામે વિરોધ વ્યક્ત કરવા પસંદ કરેલા નેતાઓ યુદ્ધ વિરોધી ભાષણો કરી જેલમાં જતા હતા. તેવે વખતે કોલેજના બીજા સત્રની શરૂઆતથી અમારા પગારમાંથી ૧૦ ટકા રકમ વૉરફંડ (યુદ્ધ ફાળા) માટે કપાવી શરૂ થઈ. આપણી ઉપર વિદેશી સરકારે ઠોકી બેસાડેલા યુદ્ધનો વિરોધ કરતાં-કરતાં રોજેરોજ નેતાઓ પકડાતા જતા હતા. ત્યારે અમે રજવાડી નોકરો નીચી મૂંડી રાખી યુદ્ધમાં મદદરૂપ થવા દર મહિને ફાળો ભરતા જતા હતા !

મારા મનમાં મોટું અસુખ ઊભું થયું. શું કરવું-શું નહિની દુવિધામાં હું હતો, ત્યાં હોળીનો પ્રસંગ બન્યો. હોળીને દિવસે રાજકોટના ઠાકોર સાહેબે બધા કૉલેજ-પ્રોફેસરોને દરબારગઢમાં આમંત્ર્યા અને ત્યાં તેમના પસાયતાઓએ બધા જ પ્રોફેસરોને તેલ મિશ્રિત રંગે રંગ્યા. પછી એવા ને એવા બાઘડા જેવા ચહેરા-મહોરા સાથે અને રંગેલ ભીનાં કપડે અમે બધા ઘેર પાછા આવ્યા. ત્યારે જ મેં નક્કી કર્યું કે આવી 'મોભાદાર' પ્રોફેસરની નોકરી મારાથી નહિ થાય. અને ત્યારે જ ગાંધીજીના એક રચનાત્મક કાર્યક્રમમાં જોડાવાની તક ઊભી થઈ.

ભાવનગરમાં નાનપણમાં અમે એક અખાડા (વ્યાયામશાળા)માં જતા. તે અખાડો એક ક્રાંતિકારી સરદાર પૃથ્વીસિંહ ચલાવતા હતા. અંગ્રેજોની જેલમાંથી નાસી છૂટેલા પૃથ્વીસિંહ છૂપા વેશે ભાવનગર આવ્યા હતા અને સ્વામીરાવના નામથી અમારી વ્યાયામશાળા ચલાવતા. ૧૯૩૬-૩૭ના ગાળામાં પૃથ્વીસિંહ ભૂગર્ભમાંથી બહાર આવી ગયા હતા અને ગાંધીજીને આત્મસમર્પણ કર્યું હતું. ગાંધીજીની ભલામણ ઉપરથી અંગ્રેજ સરકારે તેમને જેલ-મુક્ત કર્યા હતા. તેમણે ગાંધીજીના આશીર્વાદથી અહિંસક વ્યાયામ સંઘ નામે નવી સંસ્થા શરૂ કરવાનું

નક્કી કર્યું અને રાજકોટ કૉલેજમાંથી રાજીનામું આપી જૂન ૧૯૪૧થી હું આ અહિંસક વ્યાયામ સંઘમાં આચાર્ય તરીકે જોડાઈ ગયો. પચીસ યુવકોને પ્રવેશ આપી અહિંસક લડત માટે તૈયાર કરવાનો એક કાર્યક્રમ ગોઠવ્યો અને મુંબઈ પાસે મલાડમાં આ અહિંસા અને વ્યાયામનું એક નિવાસી શિક્ષણ કેન્દ્ર શરૂ થયું.

પરંતુ વિશ્વયુદ્ધના સંયોગો ઝડપથી બદલાઈ રહ્યા હતા. હિટલરે રશિયા પર આક્રમણ કર્યું અને આમ સામ્યવાદી રશિયા ઈંગ્લેંડને પક્ષે યુદ્ધમાં જોડાયું. જાપાને પર્લહાર્બર ઉપર હુમલો કર્યો અને જાપાન તથા અમેરિકા સામસામે પક્ષે યુદ્ધમાં જોડાયા. આમ યુરોપનું યુદ્ધ અમેરિકા તથા એશિયામાં ફેલાયું અને ભારતને સીમાડે યુદ્ધના ભણકારા વાગવા લાગ્યા. આવા કપરા સંજોગોમાં ભારતના લોકોએ જ ભારતની યુદ્ધનીતિ નક્કી કરવી જોઈએ, એવી વિચારધારાથી પ્રેરાઈ ગાંધીજીના મનમાં 'હિન્દ છોડો' આંદોલન વિશે મંથન ચાલતું હતું. અને તેમણે વિચાર્યું કે યુવાનોની નવી સંસ્થા—અમારો અહિંસક વ્યાયામ સંઘ—આ નવા આંદોલનને મોખરે રહેવી જોઈએ. અમે બધા તો આ જાણી ખૂબ ખુશ થયા, પણ અમારા અધ્યક્ષ સરદાર પૃથ્વીસિંહનો પ્રતિસાદ મોળો હતો. ક્રાંતિકારી પૃથ્વીસિંહ ઉપર સામ્યવાદી વિચારસરણીની અસર હતી. આ યુદ્ધમાં ઈંગ્લેંડ અને સામ્યવાદી રશિયા એક પક્ષે હતા, એટલે ભારતીય સામ્યવાદી પક્ષ ગાંધીજીની નીતિને યુદ્ધ-વિરોધી ગણી તેને ટેકો આપતો ન હતો. આને કારણે આ નવા આંદોલનમાં ભાગ લેવા અમે થનગની રહ્યા હતા, ત્યારે અમારા અધ્યક્ષ તેનાથી દૂર ભાગતા હતા. આ આન્તરિક સંઘર્ષને કારણે ગાંધીજીની સલાહથી મે ૧૯૪૨માં અહિંસક વ્યાયામ સંઘ બંધ કરવાનું નક્કી થયું અને મારી સમક્ષ સમસ્યા ઊભી થઈ, હવે મારે શું કરવું ?

કૉલેજમાં ભણતો હતો, ત્યારે બનારસ હિન્દુ યુનિવર્સિટીના ગણિતના પ્રોફેસર વી.વી. નારલીકર (અત્યારે જાણીતા પ્રો. જે.વી. નારલીકરના પિતા)નાં રીલેટીવીટી (સાપેક્ષતા) ઉપરનાં વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં ને એમ.એસ.સી.માં તે વિષય તરીકે પણ ભણ્યો હતો. એટલે થયું કે લાવ ને, પ્રોફેસર નારલીકરને પત્ર લખી તેમની સલાહ માગું ! ૧૯૪૨ના મે માસમાં મેં તેમને પહેલો પત્ર લખ્યો અને પત્રવ્યવહારને અંતે નક્કી થયું કે મારે તેમની સાથે રહીને ગણિતમાં સંશોધનની તાલીમ લેવી. પરિણામે ૧૯૪૨ના જૂનની ૨૬મી તારીખે પત્ની અને છ માસના બાળક સાથે ખીસામાં અત્યાર સુધીની બચતના રૂ. ૬૦૦ લઈ હું બનારસ જવા નીકળ્યો.

ટૂંકમાં કહું તો કૉલેજની પ્રોફેસરીનાં શાંત જળ તજીને રાષ્ટ્રીય આંદોલનના ઝંઝાવાતી જળમાં ઝંપલાવ્યું અને સંયોગવશાત્ ગણિત-સંશોધનને કિનારે ફેંકાઈ ગયો !